# મહાનગરપાલિકા,જુનાગઢ

## જાહેર નિવીદા(મહેકમ શાખા)

### કચેરી સુવિધા વ્યવસ્થાપન (સફાઈ કામદાર)ની સેવા પુરી પાડવાનું કામ

**જુ.મનપા/એડીએમ/મહેકમ/જા.નં.૧૧૨૦૩/૧૭ તા.૧૫/૦૯/૨૦૧૭**

કમિશ્નરશ્રી, મહાનગર સેવા સદન, "સ્વામી વિવેકાનંદ ભવન", આઝાદ ચોક, જુનાગઢની કચેરીમાં કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવાના કામ અર્થે શહેરની સફાઈ તથા આરોગ્યની કામગીરી માટે ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ સફાઈ કામદારની જરૂરિયાત મુજબ મેનપાવર પુરો પાડવા ટેન્ડરમાં આપેલ શરતો ને આધિન સરકારશ્રીના નિયમાનુસાર લઘુતમ વેતન ધારા ધોરણ મુજબ અને માન્ય થયેલ યોગ્યતા અને લાયકાત ધરાવતી તેમજ આ કામ માટેની શરતો પરી પુર્ણ કરતી એજન્સીઓ પાસેથી ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો **website://https://junagadh.nprocure.com** ઉપર થી તા.૨૨/૦૯/૨૦૧૭ થી જોવા મળશે. તેમજ સદર કામ અન્વયે ટેન્ડર ફી રૂા.૧,૫૦૦/– નો ડી.ડી.(નોન રીફન્ડેબલ) તથા ઈ.એમ.ડી. રૂા.૭૫,૦૦૦/– ડી.ડી./એફ.ડી.આર. ટેન્ડર કવરમાં રજુ કરવાના રહેશે. તેમજ ઈ.એમ.ડી. ટેન્ડર ફી રજીસ્ટ્રેશન તથા અન્ય તમામ ડોકયુમેન્ટ ઓનલાઈન તથા હાર્ડકોપીમાં કચેરી ખાતે સ્પીડ પોસ્ટ, રજી.એ.ડી.,પોસ્ટથી તા.૦૩/૧૦/૨૦૧૭ સુધીમાં રજુ કરવાના રહેશે. મુદત બહાર આવેલ ટેન્ડર અંગેની કોઈ જવાબદારી કચેરીની રહેશે નહી. ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. ટેન્ડર કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે. આ કામની વધુ વિગત કચેરી સમય દરમ્યાન મહેકમ શાખાનો રૂબરૂ સંપર્ક કર્યેથી આપવામાં આવશે.

| | |
|---|---|
| ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૯/૦૯/૨૦૧૭ ૧૮:૦૦ કલાક સુધી |
| ભાવ ભરેલ પત્રક ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૨/૦૯/૨૦૧૭ થી તા.૨૯/૦૯/૨૦૧૭ ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ડોકયુમેન્ટ હાર્ડકોપીમાં સબમીટ કરવાની તારીખ તથા સમય | તા.૦૩/૧૦/૨૦૧૭ ૧૮:૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રકો ઓનલાઈન ખોલવાની સંભવિત તારીખ તથા સમય | તા.૦૫/૧૦/૨૦૧૭ ૧૨:૦૦ કલાક સુધી |

– સહી –
કમિશ્નર
મહાનગરપીલકા,જુનાગઢ

# જૂનાગઢ  મહાનગરસેવા સદન
# મહેકમ શાખા

## ઓનલાઈન ટેન્ડર ફોર્મ

**વિષય :–   મહાનગર સેવા સદન, જૂનાગઢની કચેરી સુવિધા વ્યવસ્થાપન (સફાઈ કામદાર) સેવા પુરી પાડવાનુ કામ**

૧. ટેન્ડર ફી રૂા.૧,૫૦૦/– નો ડી.ડી (નોન રીફંડેબલ)

૨. ટેન્ડર ઓનલાઈન ભરવાની તા............... થી તા. ............... સમય ૧૮–૦૦ કલાક

૩. ટેન્ડર હાર્ડ કોપીમાં તા.................. સુધીમાં કચેરી સમય દરમ્યાન રજી. એ.ડી. , સ્પીડ પોસ્ટથી મળે તે રીતે પહોંચતા કરવાના રહેશે.

૪. ટેન્ડર સાથે અર્નેસ્ટમની રૂા.૭૫,૦૦૦/– ડી.ડી./એફ.ડી.આર થી ભરવાના રહેશે.

# એનેક્ષર – એ

# (ટેકનીકલ બીડ)

**એજન્સીઓએ નીચેની શરતો મુજબ માહિતી ખરી નકલ સાથે પુરી પાડવાની રહેશે.**

| ક્રમ | રજૂ કરવાના થતા ટેકનીકલ દસ્તાવેજની નકલ |
|---|---|
| ૧ | એજન્સીનો રજીસ્ટ્રેશન નંબર અને વર્ષ અંગેની ખરી નકલ |
| ૨ | એજન્સીના પાન કાંર્ડ નંબરની ખરી નકલ |
| ૩ | એજન્સીના વ્યવસાય વેરા રજીસ્ટ્રેશન નંબરની ખરી નકલ |
| ૪ | એજન્સીના GST નંબરની ખરી નકલ |
| ૫ | એજન્સીનો સર્વિસ ટેકસ નંબરની ખરી નકલ |
| ૬ | એજન્સીનો ઈ.એસ.આઈ. નંબરની ખરી નકલ |
| ૭ | એજન્સીનો ઈ.પી.એફ. નંબરની ખરી નકલ |
| ૮ | સરકારી/અર્ધસરકારી સંસ્થાઓમાં આ પ્રકારની કામગીરીનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ જે અન્વયેના જરૂરી દસ્તાવેજ રજૂ કરવાના રહેશે. |
| ૯ | ટેન્ડરની ભરેલ ઈ.એમડી. અસલ રજુ કરવાની રહેશે. |
| ૧૦ | ટેન્ડરની ફીનો ડી.ડી. અસલ રજુ કરવાની રહેશે. |

ઉકત ક્રમ. નં. ૧ થી ૧૦ અન્વયેના તમામ દસ્તાવેજો /જરૂરી આધાર પૂરાવા પ્રમાણીત નકલ સહ ટેન્ડર દસ્તાવેજ સાથે ઓનલાઈન તથા હાર્ડ કોપીમાં અત્રેની કચેરી ખાતે બંધ કવરમાં રજૂ કરવાના રહેશે.

# એનેક્ષર – બી

# (ભાવપત્રક)

**સરકારશ્રીના પ્રર્વતમાન નિયમાનુસાર ચુકવવાપાત્ર થતા તમામ ટેક્ષ સિવાયના સરકારશ્રીના પ્રર્વતમાન નિયમાનુસાર લઘુતમ વેતનધારા ધોરણ મુજબ શ્રમિકોના કુલ બીલનો માસિક એજન્સી ચાર્જ દર્શાવવાનો રહેશે.**

| **ક્રમ** | **જગ્યાનું નામ** |
|---|---|
| **૧** | **૨** |
| ૧ | સફાઈ કામદાર |

- **ઉકત ક્રમ નં. ૧ માં દર્શાવલ જગ્યા માટે મેનપાવર પુરો પાડવાનો રહેશે.**
- **સરકારશ્રીના પર્વતમાન નિયમાનુસાર કુલ શ્રમિકોના માસિક પગાર બીલનો એજન્સી ચાર્જ ટકાવારીમાં દર્શાવવાનો રહેશે.** %

## • પોસ્ટ વાઈઝ શૈક્ષણીક લાયકાત

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **શૈક્ષણીક લાયકાત** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧ | સફાઈકામદાર | ધો. ૮ પાસ તથા તંદુરસ્ત શારિરીક સ્વાસ્થ્ય |

**શરતો ::–**

૧. જૂનાગઢ મહાનગરપાલિકાની કચેરીમાં એનેક્ષર –બી માં દર્શાવેલ ક્રમ નં.૧ મુજબની જગ્યા માટે જયારથી આઉટસોર્સથી મેનપાવરનો વર્ક ઓર્ડર આપવામાં આવે ત્યારથી તેની મુદત વર્ષ–૧(એક)ની ગણવાની રહેશે. તેમજ એજન્સીની કામગીરી સારી અને સંતોષકારક જણાયેથી આપવામાં આવેલ મુદતમાં ઓફિસની કામગીરીની જરૂરીયાત મુજબ મુદતમાં વધારો કરી શકાશે.

૨. જૂનાગઢ મહાનગરપાલિકા ધ્વારા નિયત થયેલ શૈક્ષણીક લાયકાત મુજબનો મેનપાવર આઉટસોર્સથી ક્રમ નં.૧ ની જગ્યા માટે આપવાનો રહેશે.

૩. એજન્સી ધ્વારા ફાળવવામાં આવેલ મેનપાવરના માણસોને એજન્સીએ ગણવેશ આપવાનો રહેશે. તેમજ આ અન્વયેના જરૂરી આઈ.કાર્ડ પણ એજન્સી ધ્વારા મહાનગરપાલિકા, જૂનાગઢ ના સક્ષમ અધિકારીશ્રીના માર્ગદર્શન મુજબના આપવાના રહેશે. એજન્સીના માણસોએ એજન્સી ધ્વારા આપવામાં આવેલ આઈ.કાર્ડ ફરજીયાત લગાડવાનુ રહેશે. જે અંગેનો અલગથી કોઈ ચાર્જ આપવામાં આવશે નહી એજન્સીએ પોતાના ખર્ચે ઉકત કામગીરી કરવાની રહેશે.

૪. આકસ્મીક સંજોગોમાં મહાનગરપાલિકા, જૂનાગઢ ધ્વારા જયારે ઓફિસ સમય બાદ કે રજાના દિવસોમાં એજન્સીના ધ્વારા રાખવામાં આવેલ માણસોને બોલાવવામાં આવે ત્યારે માણસોએ આવવાનુ રહેશે. માણસો ન આવ્યે થી પેનલ્ટી રૂપે રૂા.૧૦૦/– વસુલ કરવામાં આવશે.

૫. આ કામગીરી આવશ્યક સેવાઓનો એક ભાગ ગણાતી હોય જે રોજીંદી અને અનિવાર્ય છે જેથી દર્શાવેલ કામગીરીઓ કોઈપણ સંજોગોમાં તેમજ બધી ઋતુઓમાં કરવાની રહેશે. જો મનસ્વીપણે એક તરફી બંધ કરશે તો સક્ષમ સતાની મંજુરીને આધીન એજન્સીની સીકયોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તે દિવસોએ જુનાગઢ મહાનગરપાલિકા અન્ય એજન્સી પાસે કામ કરાવે તો અન્ય એજન્સીને આ કામ અંગેના મંજુર થયેલ દરો કરતા વધુ જે રકમ ચુકવવાની થાય તેટલી રકમ નિષ્ફળ ગયેલ એજન્સી પાસેથી સૌપ્રથમ તેઓની બીલ / ડીપોઝીટ / અન્ય કામો માંથી અથવા રેવન્યુ રાહે કાયદેસર રીતે વસુલ કરવામાં આવશે. તેમજ વર્ક ઓર્ડર મળ્યા બાદ નિયત સમય મર્યાદા પહેલા એજન્સી ધ્વારા કોન્ટ્રાકટ રદ કરવાનો રહેશે નહી અન્યથા તેમના ધ્વારા ભરવામાં આવેલ સિકયોરીટી ડીપીઝીટની રકમ ખાલસા કરવામાં આવશે.

૬. જે એજન્સીનુ ટેન્ડર મંજૂર થયેથી મહાનગરપાલિકા, જૂનાગઢ ધ્વારા જાણ કર્યેથી નિયત થયેલ સિકયોરીટી ડીપોઝીટની રકમ રૂા.૧.૨૫ લાખ મહાનગરપાલિકા, જૂનાગઢ ખાતે **"કમિશનરશ્રી, મહાનગરપાલિકા, જુનાગઢ"** ના નામે જમા કરાવવાની રહેશે.

૭. એજન્સી ધ્વારા રોકેલા માણસોને લઘુતમ વેતનદર મુજબ ચુકવણું કરવાનુ રહેશે અને અન્ય સરકારશ્રીના વખતો વખતના તમામ શ્રમિક કાયદાનું પાલન કરવાનું રહેશે તથા તેમ કર્યા બદલનું પ્રમાણપત્ર પછીના મહિનાના બીલ માગણી સાથે રજુ કરવાનું રહેશે.

૮. કાયદાકીય રીતે જરૂર હોય તેવા કર/ કપાત/ નાણા એજન્સીએ નિયમીત રીતે અચુક ચુકવવાના રહેશે.

૯. કામદારોને ચુકવવાની રકમ, વહીવટી ચાર્જ, સર્વિસ ટેક્ષ, જી.એસ.ટી., કાયદાકીય કપાતો ની રકમની સ્પષ્ટતા એજન્સીએ ટેકનીકલ બીલમાં કરીને તેના પાલન ની ખાતરી આપવાની રહેશે.

૧૦. એજન્સીએ કામગીરીમાં ગુનાહિત પ્રવૃતીમાં સંડોવાયેલા ન હોય તેમજ નશો કરતા ન હોય તેવા જ માણસો રાખવાના રહેશે.

૧૧. ભાવ મંજુર થયે એજન્સી ધ્વારા નિયત સમય મર્યાદામાં જરૂરી કરારનામું નહી આવે તો તેમણે ભરેલ અનામત જપ્ત કરવામાં આવશે અને આવી ચુક બદલ ટેન્ડર રદ કરવા તથા જરૂર જણાયે એજન્સીને મહાનગરપાલિકાના કોઈપણ કામ માટે કાયમી ધોરણે બ્લેક લીસ્ટમાં મુકવા સુધીના પગલાં લઈ શકાશે.

૧૨. એજન્સીએ ટેન્ડરમાં જણાવેલ કામ માટે જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ૧૮ વર્ષથી ઉપરના અને ૪૫ વર્ષથી નીચેની ઉંમરના માણસો રાખવાના રહેશે, જે અન્વયે તેમના જરૂરી આધારો તથા શૈક્ષણીક લાયકાતના પૂરવા સબંધીત શાખામાં રજૂ કરવાના રહેશે.

૧૩. એજન્સીના માણસો પોતાનું વાહન વાપરે અને ચાલુ કામમાં વાહન કે વાહનથી કોઈપણ અકસ્માત થાય અથવા વાહન પરના માણસો પૈકી કોઈને અકસ્માત થાય તો તેવા તમામ અકસ્માતોનો અને તેમાંથી ઉભી થતી તમામ જવાબદારીઓ એજન્સીના શીરે રહેશે. આ માટે મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી. ફરજના સમય દરમ્યાન કોઈ પણ પ્રકારનુ જાન હાની /અકસ્માત થયે મહાનગરપાલિકા, જૂનાગઢની કોઈ જવાબદારી રહેશે નહી.

૧૪. એજન્સીએ પોતાના માણસોને આપવી પડતી રજા તથા વેતન સહિત આપવા પાત્ર તમામ લાભો પ્રવર્તમાન કાયદા સુસંગત પોતાના ખર્ચે અને જોખમે આપવા પડશે અને જો તેમાં લેબર સાયસન્સની શરતોનો ભંગ થયેલ માલુમ પડશે અને તેને પરીણામે આર્થિક કોઈ નુકશાનની જવાબદારી ઉપસ્થિત થાય તો તે અંગેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે. નુકશાન એજન્સીએ ભરપાઈ કરી આપવાનુ રહેશે. મહાનગરપાલિકા તેઓની પાસે રેવન્યુ રાહે પણ કાયદેસર રીતે વસુલ કરશે. એજન્સીએ બાળમજુરી પ્રતિબંધક કાયદાનું પાલન કરવાનું રહેશે.

૧૫. જો કોઈપણ કામગીરીમાં એજન્સીના માણસો ધ્વારા કરવામાં આવતું કામ કોર્પોરેશનને સંતોષકારક લાગશે નહી તેવા કિસ્સામાં માણસો બદલી અપેક્ષિત કામગીરી કરાવી આપવાની રહેશે. અન્યથા કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય એજન્સીને આપેલો કોન્ટ્રાકટ દિન–૧૦ની નોટીસ આપી મહાનગરપાલિકા રદ કરી શકશે અથવા જો કોઈ એજન્સી ધ્વારા ટેન્ડર/કરાર ની શરતોનો ભંગ કરતો માલુમ પડશે તો મહાનગરપાલિકા નોટીસ આપી ૨૪–કલાકમાં સદર કોન્ટ્રાકટ રદ કરી શકશે.

૧૬. એજન્સી શરતો/સુચનાઓ સિવાયની કામગીરી કરે અથવા ગુનાહીત કામગીરીકરતા માલુમ પડશે તો તેને ચુકવવા પાત્ર થતા નાણા જેટલી જ રકમ શિક્ષાત્મક પગલા તરીકે બીલમાંથી દંડ તરીકે કાપી લેવામાં આવશે અને કરાર રદ કરવા અને એજન્સીને બ્લેક લીસ્ટમાં મુકવા સુધીના પગલાં લેવામુ આવશે.

૧૭. સદરહુ કામ બાબતે તકરાર ઉભી થાય એવા સંજોગોમાં તકરાર/વિવાદ નું ક્ષેત્ર જુનાગઢ ક્ષેત્રે રહેશે.

૧૮. સદર કામગીરી બાબતે મહાનગરપાલિકા વખતો વખત સુચવે અને તેને અનુકુળ વહીવટી નિયમો/પ્રોસિઝરમાં ફેરફાર કરશે તેનો અમલ કરવાનો રહેશે.

૧૯. જે તે એજન્સીને સોંપવામાં આવેલ ટેન્ડરની સમગ્ર કામગીરી કે તેનો કોઈપણ ભાગ મહાનગરપાલિકાની પરવાનગી સિવાય બીજો કોઈ વ્યકિત / પેઢીને કરી શકશે નહી. જો તેમ કરતા માલુમ પડશે તો તેનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

૨૦. આ કામનું બીલ એજન્સી ધ્વારા દર માસેની ૧૦મી તારીખ સુધીમાં રજુ કરવાનું રહેશે. મહાનગરપાલિકા નિયત કરે તે રીતે કામગીરી પુર્ણ કરી લગત શાખા અધિકારીશ્રીના પ્રમાણપત્ર સાથે રજુ કરવાનું રહેશે.

૨૧. એજન્સી ધ્વારા મહાનગરપાલિકા, જૂનાગઢ ખાતે રજૂ કરેલ માણસોને વિમા કવચ પૂરૂ પાડવાનુ રહેશે.

૨૨. એજન્સી ધ્વારા રાખવામાં આવેલ પોતાના કોઈપણ માણસોને જુનાગઢ મહાનગરપાલિકાના કર્મચારી તરીકે ગણી શકાશે નહી. આ  માણસોનો મહાનગરપાલિકામાં નોકરી મેળવવાનો હકક/દાવો રહેશે નહી. એજન્સી ધ્વારા આ કામગીરી માટે રાખવામાં આવેલ માણસો ધ્વારા ઉત્પન્ન થતી તમામ પ્રકારની જવાબદારી એજન્સીની રહેશે. આ અંગે જુનાગઢ મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૨૩. ટેન્ડર અંગેની શરતોમાં અર્થઘટન બાબતે કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેવા સંજોગોમાં કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકાના નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૨૪. એજન્સીએ ટેન્ડરમાં દર્શાવેલ શરતો અને ધોરણો મુજબ સોંપવામાં આવે તે કામગીરી કરાવી આપવાની રહેશે. જેમ કે,રોડ – રસ્તાઓ અને ગટર – નાળાઓની સફાઈ રાખવાની બાબતે આ રસ્તા, નાળાઓ વિગેરે ઉપર કોઈપણ જાતનો કચરો, પ્લાસ્ટિક બેગ, બોટલો, લુઝ માટી, સ્ક્રેપ વિગેરે પડી ન રહે તે જોવાનું રહેશે. કામગીરી બાબતે કોઈપણ જાતની ચુક / ખામી / ઉણપ માલુમ પડતા દરેક કિસ્સા દિઠ રૂા.૨૦૦/– અને આવા મહીનામાં બનનાર ત્રણ કિસ્સામાં એજન્સી વેલ્યુના ૦.૫ % ની પેનલ્ટી લગાવવામાં આવશે. જે બંધનકર્તા રહેશે.

૨૫. સંબંધિત વિસ્તારમાં માણસો ધ્વારા કામગીરી પુર્ણ ન કરાવવાના કારણે પડતર રહેશે અથવા ક્ષતિ માલુમ પડશે તો કોન્ટ્રાકટર ના ખર્ચ અને જોખમે અન્ય એજન્સી પાસે અથવા મહાનગરપાલિકા ધ્વારા કામગીરી કરવામાં આવશે અને ઓફિસર ઈન્ચાર્જ નકકી કરે તે મુજબ નકકી કરે તે મુજબ પેનલ્ટી વસુલ લેવામાં આવશે તથા મહાનગરપાલિકાને આ કામે કોઈ વિશેષ ખર્ચ થશે તો સંબંધિત એજન્સીના બીલ માંથી કપાત કરવામાં આવશે.

૨૬. મહનગરપાલિકાની કામગીરી માટે યોગ્ય લાયકાત વાળા અને જરૂરી પ્રમાણમાં માણસો રોકી કામગીરી કરાવી આપવાની જવાબદારી એજન્સીની રહેશે. કામગીરીમાં ક્ષતિ માલુમ પડશે તો મહાનગરપાલિકા,જુનાગઢ ને યોગ્ય જણાશે તેટલી પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

૨૭. એજન્સીએ વખતો વખત સરકારશ્રી તરફથી લઘુતમ વેતન તથા લાગુ પડતા તમામ પ્રકારના કરવેરાઓમાં જે કાંઈ સુધારા વધારા અથવા ફેરફાર કરવામાં આવે તે આપો આપ બંધનકર્તા રહેશે.

૨૮. એજન્સી ધ્વારા જે તે સંબધીત માસમાં રોકેલ શ્રમયોગીઓને બેંક મારફત ચુંકવણું કરી આર.ટી.જી.એસ.ની નકલ તેમજ સરકારશ્રીને ટેકસના ચુંકવણા કરેલ હોવાના આધાર તરીકે ચલણની નકલો બીલ સાથે રજુ કરવાની રહેશે. તે પ્રમાણે અત્રેથી ચુંકવણું કરવામાં આવશે.

૨૯. એલ–૧ એજન્સી માટે માત્ર એજન્સી ચાર્જ ધ્યાનમાં લેવામાં આવશે જે ૦% થી વધારે હોવુ જોઈએ અને પાંચ ના ગુણાકમાં એજન્સી ચાર્જ મુકવાનો રહેશે.

૩૦. એજન્સીએ મંડળીની પ્રવર્તમાન માન્યતા સાથે હાજર રહેવાનું રહેશે.

૩૧. કોઈપણ કાનુની ગુંચ ઉપસ્થિત થયે કાયદાકીય કાર્યવાહી કરવાની થશે તો, તેની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે.

૩૨. એજન્સી આ કામગીરીનું રજીસ્ટ્રેશન ધરાવતા હોવા જોઈએ.

૩૩. ટેન્ડર ખોલતી વખતે હાજર રહેલ એજન્સીના વાંધા સુચનો લેવામાં આવશે.

૩૪. ટેન્ડર તમામ એજન્સીના પ્રતિનીધીની હાજરીમાં ખોલવાના હોય તમામ એજન્સીના પ્રતિનીધીએ હાજર રહેવાનું રહેશે.

૩૫. એજન્સી ધ્વારા નિયત કરેલ તારીખના રોજ ટેન્ડરમાં દર્શાવેલ દસ્તાવેજો મહાનગરપાલિકા કચેરી, આઝાદ ચોક, જૂનાગઢ ખાતે રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટ થી કચેરી સમય દરમ્યાન રજૂ કરવાના રહેશે. કવર ઉપર **<u>"કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા પુરી પાડવાનુ ટેન્ડર(સફાઈ કામદાર)"</u>** દર્શાવવાનુ રહેશે. **ભાવ ઓનલાઈન ભરવાના રહેશે.**

૩૬ ઉકત ટેન્ડર મંજુર કરવા ન કરવા તે આબાધિત અધિકાર કમિશ્નરશ્રીનો રહેશે.